# અણધાર્યા સંજોગો કરતા આપણું કામ ઇમાનદારીથી નિભાવવું જોઇએ



અમદાવાદ : આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે છઠ્ઠા પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.ટેકનાં ૧૨૪ સ્ટુડન્ટ્સ , ૫૨ એમ. ટેક. નાં સ્ટુડન્ટ્સ અને ૪૭, એમ. એસ. સી, ૫, એમ.એ,૧૪ પી.એચ.ડી.ના સ્ટુડન્ટ્સને ડિગ્રી આપવામાં આવી હતી. તેમજ ૩૮ મેડલ્સ અને એવૉર્ડ્સ વિવિધ ક્ષેત્રે જેમાં સ્પોર્ટ્સ, એકેડમીક, લીડરશિપ અને કમ્યુનિટી સર્વિસ માટે સ્નાતક સ્ટુડન્ટસને આપવામાં આવ્યાં હતાં. બી.ટેક. સ્ટુડન્ટ રીષબ આનંદને પ્રેસિડેન્ટ ગોલ્ડ મેડલ અવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમજ બી.ટેક. સ્ટુડન્ટ કમલ તિવારી, એમ.ટેક સ્ટુડન્ટ એમ. એસ. સોનાલી અભય પારેખ એમ,એસ,સી. અને એમ.એ.ના સ્ટુડન્ટને પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન અદિલ જૈનુલે જણાવ્યું હતું કે, આજે ટેકનોલોજી એટલી વિકસિત થઈ ગઈ છે કે કોઈ પણ તેનો ભાગ બની સમસ્યાનું નિરાકરણ લાવવા સક્ષમ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઈ પણ અનિવાર્ય સંજોગો માટે તૈયારી કરવાને બદલે આપણા હાથમાં જે કામ છે તેને પૂરી ઈમાનદારીથી નિભાવવું જોઈએ.



Title: Which we have never imagined as such, instead we should do our work honestly.

Source: Sandesh (city life)

Date: 6/08/2017